EDII

**Divyabhaskar (Suppl.: Citybhaskar)**

**April 20, 2022**
**Page No. 01**

### યુવાનોને સ્ટાર્ટઅપ ક્ષેત્રે કરિયર પસંદ, EDIIના PGDPના એડમિશનમાં 84%નો વધારો

# EDIIના આંત્રપ્રિન્યોરશિપ પ્રોગ્રામમાં છેલ્લા 1 વર્ષમાં મહિલાઓનાં એડમિશન 166% વધ્યાં

## માત્ર 2021માં 42 યુનિકોર્ન નોંધાયા છે, જે સિદ્ધિ છે

*EDIIના પ્રોફેસર ડૉ. સત્યા રંજન આચાર્યના મતે સમગ્ર ભારતમાં આંત્રપ્રિન્યોરશિપનો વેવ ચાલી રહ્યો છે. માત્ર 2021માં જ ભારતમાં 42 યુનિકોર્ન નોંધાયા છે. જો EDIIના ઈન્ક્યુબેટર સેન્ટરની વાત કરીએ તો છેલ્લા 5 વર્ષમાં 37 કરોડથી વધારેનું ફંડ સ્ટાર્ટઅપને અલોટ કરાયું છે. છેલ્લા એક વર્ષમાં જ EDIIના ઈન્ક્યુબેટર સેન્ટરથી 23 સ્ટાર્ટઅપને 4.3 કરોડનું ફંડ આપવામાં આવ્યું છે.*

## EDIIના છેલ્લાં 5 વર્ષમાં એડમિશનના આંકડા



| વર્ષ | ટોટલ સ્ટુડન્ટ્સ | મહિલા સ્ટુડન્ટ્સ | મહિલાઓની ટકાવારી |
|---|---|---|---|
| 2021-2023 | 81 | 32 | 40 |
| 2020-2022 | 44 | 12 | 27 |
| 2019-2021 | 52 | 9 | 17 |
| 2018-2020 | 68 | 11 | 16 |
| 2017-2019 | 86 | 16 | 19 |

## ઇ કોમર્સમાં મોટા પ્રમાણમાં મહિલાઓ કાર્યરત છે, આંત્રપ્રિન્યોરશિપ ક્ષેત્રે તેઓનું ભવિષ્ય ઉજ્જવળ છે



“ટેક્નોલોજીની સાથે બિઝનેસ કરવાની રીત બદલાઈ છે. જેને ઘણા મહિલા સાહસિકોને આકર્ષિત કર્યા છે. આજે ઈ-કોમર્સ બિઝનેસમાં ઘણી મહિલા સાહસિકો છે. જે સામાજિકથી માંડીને બિઝનેસ આંત્રપ્રિન્યોરશિપ સુધી, નવા ઈનોવેટિવ બિઝનેસનું નેતૃત્વ કરી રહી છે. આવા સંજોગોને જોતાં, સ્ટાર્ટઅપ્સ અને આંત્રપ્રિન્યોરશિપ ક્ષેત્રે મહિલાઓનું ભવિષ્ય ઉજ્જવળ છે. » **ડૉ. સુનિલ શુક્લા**, ડાયરેક્ટર જનરલ, ઈડીઆઈઆઈ